# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૯ તા. ૧૮-૧૦-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' દેશનું સૌથી મોટુ સર્વગ્રાહી શાળાકીય મિશન કાર્યક્રમ શાળાકક્ષાએ કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/૨૦૨૨/૧૦૭૦૧-૭૮૭ તા.૧૭-૧૦-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા તા.૧૯-૧૦-૨૦૨૨ને બુધવારના રોજ દાદાનગર કન્વેશન સેન્ટર, અડાલજ, ગાંધીનગર ખાતેથી આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવશે. જેનું બાયસેગ દ્વારા જીવંત પ્રસારણ ૧૨-૦૦ થી ૧૩-૦૦ વાગ્યા દરમ્યાન 'વંદે ગુજરાત' ચેનલ નં.૧ થી કરવામાં આવશે. આ કાર્યક્રમની ઉજવણીમાં તમામ શિક્ષકો, વિદ્યાર્થીઓ,સ્થાનિક કોર્પોરેટરશ્રી,એસ.એમ.સી.ના સભ્યો, આસપાસના નાગરિકો, સામાજીક આગેવાનો પણ જોડાય તે માટે આજે જ આમંત્રણ આપની કક્ષાએથી આપવાનું રહેશે. શાળાકક્ષાએથી આ કાર્યક્રમનું આયોજન નીચે મુજબ કરવાનું રહેશે.

| સમય | વિગતો |
|---|---|
| ૧૧-૩૦ કલાક | દીપ પ્રાગટ્ય (મહાનુભાવોના હસ્તે) |
| ૧૧-૩૦ થી ૧૧-૩૫ | સ્વાગત ગીત(બાળકો દ્વારા) |
| ૧૧-૩૫ થી ૧૧-૫૦ | શિક્ષણ વિભાગની ૨૦ વર્ષની સિદ્ધિઓ અને મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સના આગામી આયોજન અંગેની વિગતોનું વાંચન(શાળાના મુખ્ય શિક્ષક દ્વારા) |
| ૧૧-૫૦ થી ૧૨-૦૦ | મહાનુભાવોનું પ્રવચન |
| ૧૨-૦૦ થી ૧૩-૦૦ | રાજ્યકક્ષાના કાર્યક્રમનું બાયસેગ પ્રસારણ નિહાળવું |
| ૧૩-૦૦ થી ૧૩-૦૨ | આભારવિધિ |

તા.૧૮-૧૦-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

અગત્યની નોંધ :-

(૧) **<u>(ચૂંટણી અગત્યતા)</u>** વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ આગામી સમયમાં યોજાનાર છે. સદરહુ કામગીરી સમયમર્યાદા અને અગત્યતાને ધ્યાને લઈ તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ,શાળાનો શૈક્ષણિક અને બીન શૈક્ષણિક સ્ટાફે હેડક્વાટર્સ છોડતાં પહેલા મુખ્ય ઓફિસની મંજૂરી લેવાની રહેશે.

(૨) તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે મુખ્ય ઓફિસ દ્વારા 'ધ હિન્દુ ન્યુઝ પેપર' દરેક શાળા માટે ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જે કુરીયર દ્વારા આવે તે સ્વીકારવાનું રહેશે.

તા.૧૮-૧૦-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી